ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!
મંગળવાર ૪ ઓગસ્ટ, ૨૦૨૬

## ગામની વસતી 466, અહીં માત્ર, કોંકણી, કુનબી અને ભીલ તથા વારલી જ્ઞાતિના લોકોનો વસવાટ




ટાઉન ટોક

# પાંઢરમાળ

## ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં ખેતી, પશુપાલન, દૂધડેરી અને રોજગારી ક્ષેત્રે વિકાસનાં ડગલાં ભરતું ગામ

ડાંગના વઘઈ તાલુકામાં આવેલું અને કાલીબેલથી માત્ર ૪ કિલોમીટરના અંતરે પૂર્ણા નદીના કાંઠે વસેલું 'પાંઢરમાળ' ગામ પોતાની પ્રાકૃતિક સુંદરતા અને સાંસ્કૃતિક વિરાસત માટે જાણીતું છે. ચોતરફ ડુંગરો અને ઘનઘોર જંગલોથી ઘેરાયેલા આ ગામમાંથી પૂર્ણા નદી પસાર થતી હોવાથી અહીં મે-જૂન સુધી પાણીની પૂરતી સુવિધા રહે છે. પરિણામે, સ્થાનિક લોકો કૃષિ, પશુપાલન અને ડેરી ક્ષેત્રે ઝડપી વિકાસ કરી રહ્યા છે. ચોમાસા અને શિયાળામાં અહીંની કુદરતી સંપદા સોળે કળાએ ખીલી ઊઠે છે, જ્યારે પાનખરમાં પ્રાચીન આદિવાસી સંસ્કૃતિની સુંદર ઝલક જોવા મળે છે. ગામના નામ પાછળ એક રસપ્રદ લોકવાયકા જોડાયેલી છે. વડીલોના જણાવ્યા મુજબ અહીં ખુલ્લા ખેતરોમાં (માળ) હેદ કલમના ઝાડ નીચે આદિ અનાદિ કાળથી પૂજાતી દેવી 'પાંઢરમાતા'નું સ્થાનક આવેલું છે. 'પાંઢર' (દેવીનું નામ) અને 'માળ' (ખેતર) પરથી ગામનું નામ 'પાંઢરમાળ' પડ્યું છે. આદિવાસી સમાજમાં આ દેવી પ્રત્યે અગાધ શ્રદ્ધા છે. વર્ષો પહેલા પૂર્ણા નદીના કિનારે સૌપ્રથમ ગાવીત, ચૌધરી અને પવાર અટકના ૮ કુટુંબે વસવાટ શરૂ કરી ખેતી અને પશુપાલનની શરૂઆત કરી હતી. આજે પણ અહીંના લોકો પોતાની આસ્થા અને સંસ્કૃતિને જાળવી રાખીને કુદરતના ખોળે સમૃદ્ધ જીવન જીવી રહ્યા છે. આ ગામમાં 100 ટકા આદિવાસી લોકો વસવાટ કરે છે. અહીં માત્ર, કોંકણી કુનબી અને ભીલ તથા વારલી જ્ઞાતિના લોકો છે. આ ગામનાં 90 ટકા લોકો હિન્દુ ધર્મનું પાલન કરે છે. જ્યારે 10 ટકા લોકો ખ્રિસ્તી ધર્મ સાથે જોડાયેલા છે. આ ગામમાં જૂનું હનુમાનજીનું મંદિર અને શ્રીરામનું મંદિર પણ આવેલું છે. સાથે આ ગામમાં ચર્ચ પણ જોવા મળે છે. વાઘદેવની પ્રતિમા પણ જોવા મળે છે. પાંઢરમાળ ગામમાં હાલમાં જૂના હનુમાનજી મંદિરની જગ્યાએ નવા હનુમાનજીનું મંદિર નિર્માણ હેઠળ છે. જ્યારે ગામમાં ભગવાન શ્રીરામનું પણ એક મંદિર આવેલું છે. જ્યાં વાર તહેવારોમાં ભક્તો દ્વારા પૂજા-અર્ચના હોમ હવન યજ્ઞ થાય છે. પાંઢરમાળ ગામમાં તહેવારમાં ગ્રામજનો દ્વારા વાઘદેવ, હનુમાનજીની તથા ભગવાન શ્રીરામની પૂજા-અર્ચના કરવામાં આવે છે. ગામની સમૃદ્ધિ કાયમ માટે જળવાઈ રહે તથા ગામ પર કોઈ આફત કે સંકટ ન આવે એ માટે ખાસ કરીને વાઘદેવ, સૂર્યદેવ, ચંદ્રદેવ, નાગદેવ અને મોરદેવની પૂજા-અર્ચના કરી ગ્રામજનો દ્વારા વાર-તહેવારોમાં શ્રીફળ, મરઘાં અને નવા ધાન્યનો ભોગ ચડાવવામાં આવે છે. વાઘદેવની પૂજા ખાસ કરીને વાઘ બારસના દિવસે થાય છે. ડાંગ જિલ્લામાં પ્રકૃતિ સાથે સન્મય ધરાવનારને લોકો પૂજે છે. ગામમાં મહિલાઓ દ્વારા 7 જેટલા સખીમંડળ પણ કાર્યરત છે. આ સખીમંડળો પૈસાની બચત કરી સુખદુઃખનાં સમયે જરૂરિયાતમંદ લોકોને વ્યાજ ઉપર નાણાં આપી મદદ કરે છે. આશરે 466થી વધુ વસતી ધરાવતા આ ગામમાં 235 પુરુષ અને 220 સ્ત્રી વસવાટ કરે છે. 110થી વધુ કુટુંબો ધરાવતાં આ ગામમાં કુનબી, કોંકણી, વારલી અને ભીલ સમાજના આદિવાસી લોકો શાંતિપૂર્ણ રીતે રહે છે. નીચલાનું કસાડ અને પાંઢરમાળ એમ બે મુખ્ય ફળિયા ધરાવતા આ ગામના 100 ટકા લોકો ખેતી અને પશુપાલન સાથે જોડાયેલા છે. ગ્રામજનો ચોમાસુ, શિયાળુ અને ઉનાળુ ખેતી કરી જીવનનિર્વાહ ચલાવે છે. રોજીરોટી માટે સ્થળાંતર ખૂબ જ ઓછું છે અને માત્ર બે જ પરિવાર સુગર ફેક્ટરીમાં કામ અર્થે જાય છે. આ ગામથી વ્યારા 40 કિલોમીટરના અંતરે આવેલું છે. તો આહવા જવું હોય તો 37 કિલોમીટરનું અંતર કાપવું પડે છે......

### શિક્ષિત મહિલા સરપંચ ગામના વિકાસને આપી રહ્યા છે વેગ



પાંઢરમાળ ગામનાં યુવાન અને જાગૃત મહિલા આગેવાન તથા સરપંચ શાંતાબેન દિલીપભાઈ ચૌધરી જેઓએ ટી.વાય બી.એ. તથા નર્સિંગ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. બાદ તેમનાં લગ્ન ડાંગના પાંઢરમાળ ગામે દિલીપ ચૌધરી સાથે થતાં તેઓએ ગૃહિણીની સાથે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. અગાઉ તેઓ કૉંગ્રેસની બોડીમાંથી ઉપસરપંચ તરીકે ચુંટાયાં હતાં. બાદ તેઓ કોંગ્રેસ છોડી ભાજપા સાથે જોડાઈ ગયાં હતાં. ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગયા બાદ તેઓ ગોદડિયા ગ્રુપ ગ્રામ પંચાયતમાં સરપંચના પદ પર ઊભાં રહ્યાં હતાં અને બહુમતિથી ચુંટાઈ આવ્યાં હતાં. સરપંચ શાંતાબેન ચૌધરી ભાજપા સાથે જોડાઈ અહીં આગેવાન તરીકેની કમાન સંભાળી આદિવાસી લોકોની સમસ્યા નિવારવા માટે સફળતા હાંસલ કરી છે. હાલમાં આ મહિલા સરપંચ ગ્રુપ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો સહિત નજીકના વિસ્તારનાં ગામોનાં વિકાસકીય કામોને વેગ આપવા માટે સતત ઝઝૂમી રહ્યાં છે. તથા લોકોને વિવિધ યોજનાઓનો લાભ મળી રહે એ માટે વહીવટી તંત્રમાં રજૂઆત કરી રહ્યાં છે.

### ખેતી અને પશુપાલન થકી આત્મનિર્ભરતા તરફ પ્રગતિ

સિંચાઈ માટે ગામને અડીને આવેલી પૂર્ણા નદી પર નાના-મોટા ચેકડેમો બનાવવામાં આવ્યા છે. ઉનાળાના છેલ્લા બે મહિના દરમિયાન આ ચેકડેમોમાં પાણીનું સ્તર નીચું જતું રહે છે. જોકે, પાંઢરમાળ ગામના ખેડૂતોએ સ્વખર્ચે બોરિંગ અને કૂવાની સુવિધા ઊભી કરીને ખેતી ક્ષેત્રે પ્રગતિ સાધી છે. આના કારણે ગ્રામજનોને અને પશુપાલન માટે બારેમાસ પાણી મળી રહે છે. આ ગામના ખેડૂતો ચોમાસા અને શિયાળા દરમિયાન ડાંગર, નાગલી, મગફળી, અડદ, તુવેર, વરી, ચણા, વટાણા, ઘઉં, શાકભાજી, કઠોળ, બાજરી, ડુંગળી, લસણ, મકાઈ અને મગ જેવા વિવિધ પાકોનું ઉત્પાદન કરે છે. આ ઉપરાંત, પૂરતી સગવડ મેળવીને અમુક ખેડૂતો મરચાં અને શેરડીની સફળ ખેતી દ્વારા સારી આવક પણ મેળવી રહ્યા છે. પશુપાલનની દૃષ્ટિએ, નાના-મોટા ખેડૂતો ગાય, ભેંસ, બકરાં તેમજ ખેતીકામ માટે બળદ અને પાડા જેવાં પાળતુ પ્રાણીઓનો ઉછેર કરે છે. તેના દ્વારા તેઓ પૂરક આવક મેળવી પરિવારના ભરણપોષણમાં મદદરૂપ બને છે. ગામમાં દૂધમંડળી પણ કાર્યરત છે, જેમાં પ્રમુખ તરીકે અંજનાબેન કિશોરભાઈ ચૌધરી અને મંત્રી તરીકે ભારતીબેન સુરેશભાઈ ચૌધરી ફરજ બજાવે છે. આ ગામના પશુપાલકો ડેરીમાં રોજનું આશરે ૧૮૦ લીટર દૂધ જમા કરાવે છે અને મંડળી દ્વારા દર મહિને નિયમિત ચૂકવણું (પેમેન્ટ) કરી તેમની આવકનું ઉપાર્જન કરવામાં આવે છે.



### જડીબુટ્ટી થકી રોગનું નિદાન કરતા ભગતો

પાંઢરમાળ ગામમાં ત્રણ જેટલા ભગત(વૈદ્ય) વિવિધ રોગોના નિદાન માટે જડીબુટ્ટી આપે છે. પાંઢરમાળ ગામે ભગતો (વૈદ્ય)માં કરશનભાઈ એસ.ચૌધરી, જમસુભાઈ આર.ચૌધરી અને સીતાબેન આર.ચૌધરી વારસાગત રીતે ભગતોની ધૂણી ધખાવી રહ્યા છે. બીમારી જેવા પ્રસંગે આ ભગતો જંગલમાંથી જડીબુટ્ટી લાવી અસાધ્ય રોગોનું નિદાન કરી લોકોમાં સેવાની ધૂણી ધખાવી રહ્યાં છે.

### આરોગ્ય કેન્દ્ર 4 કિમી દૂર

પાંઢરમાળ ગામની પ્રાથમિક સુવિધાની વાત કરીએ તો આ ગામ રાજ્ય ધોરી માર્ગથી 4 કિલોમીટરના અંતરે આવેલું ગામ હોવાથી અહીંના ગ્રામજનોને કાલીબેલ ગામ ખાતે એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જવું પડે છે. મોટી બીમારીઓમાં લોકોને આહવા સિવિલ અને વ્યારા સુધી દોડવું પડે છે. દવાખાને જવા માટે ઉનાળાની અને શિયાળાની ઋતુમાં સરળતાવાળી સગવડ જોવા મળી રહે છે. જ્યારે ચોમાસામાં ભારે તકલીફોનો સામનો કરવો પડે છે. કાલીબેલ સુધી નિયમિત એસટી બસો અને ખાનગી વાહનો આવનજાવન કરે છે. પરંતુ આ ગામ કાલીબેલથી 4 કિલોમીટરના અંતરે હોય તેવામાં ગામમાં એસટી બસ ન જતી હોવાના પગલે લોકોને ભારે તકલીફ વેઠવી પડે છે. અહીં બસ સ્ટેન્ડનો પણ અભાવ છે.



### પ્રવાસીઓમાં ભેગુ ધોધનું આકર્ષણ

પાંઢરમાળ ગામ તરફથી ભેગુ ધોધ જઈ શકાય છે. કોષમાળ ગામ નજીક આવેલો ભેગુ ધોધ ચોમાસાની ઋતુમાં રમણીય અને મનમોહક બની જાય છે. આ ધોધ પાસે જવું હોય તો ડાંગના પીંપરી-કાલીબેલ રાજ્ય ધોરી માર્ગના કાલીબેલ ગામ થઈ પાંઢરમાળ અને કોષમાળ ગામ થઈ જંગલ વિસ્તારમાંથી ટ્રેકિંગ કરી જવું પડે છે. જ્યારે વઘઈ-ભેંસકાતરી માર્ગના કોષમાળ ફાટક પાસેથી ભેગુ ધોધ જઈ શકાય છે. ચોમાસામાં આ ધોધને નિહાળવા માટે દક્ષિણ ગુજરાતમાંથી અસંખ્ય પ્રવાસીઓ ઊમટી પડે છે. ચોમાસા અને શિયાળામાં પ્રવાસીઓ ટ્રેકિંગની સાથે ભેગુ ધોધના આહલાદક નજારો માણે છે. પરંતુ વધારે વરસાદમાં આ ધોધ નિહાળવા જવું જોખમી છે. કારણ કે, પગદંડી લપસણી બનતાં અકસ્માત સર્જાઈ શકે છે. જેથી વહીવટી તંત્ર દ્વારા અપાયેલી ગાઈડલાઈન મુજબ આ ધોધની મુલાકાત અવશ્ય લેવી જોઈએ.